<u>રે.દી.મુ.નંબર : ૨૪૮/૨૦૧૦.</u>

<u>આંક– ૫ ની મનાઈ અરજી લગત હુકમ</u> :

<u>પ્રાસ્તાવીક</u>

૧. વાદીઓની હાલની આંક–૫ કામ ચલાઉ મનાઈ અરજી વંચાણે લીધી.વાદીએ રજુ કરેલ આંક–૩ના લીસ્ટના દસ્તાવેજી પુરાવા લક્ષમા લીધા, તથા પ્રતિવાદી નં.૧ થી ૪નાઓએ રજુ કરેલ આંક–૧૭નો લેખીત જવાબ વંચાણે લીધો, પ્રતિવાદીઓ નં.૧ થી ૪ નાઓએ આંક–૩૦થી પુરસીસ આપી તેમણે રજુ કરેલ લેખીત જવાબ તેમની દલીલ ગણવા જાહેર કરેલ છે. પ્રતિવાદી નં.૫ થી ૯ તરફે આંક–૪૦ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લક્ષમા લીધા.વાદીઓ તરફે આંક–૩૧થી રજુ કરેલ લેખીત દલીલો તથા મૌખીક દલીલો લક્ષમા લીધી.તથા પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રીની મૌખીક દલીલો લક્ષમા લીધી.

<u>વાદીની મનાઈઅરજીની દાદ</u>

૨. મોજે લોદરીયાળ તા.સાણંદ.જી.અમદાવાદની સીમના સ.નં./બ્લોક નં.૨૩૮/૪ની હે.આરે.ચો.મી.૦–૨૩–૨૭ આકાર રૂા.૨–૫૬ પૈસાવાળી તથા સ.નં./બ્લોક નં.૨૨૯/૪ની હે.આરે.ચો.મી.૦–૩૦–૩૫ આકાર રૂા.૩–૬૨ પૈસાવી દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૫ થી ૯ ના કે તેમના માણસો,નોકરો, એજન્ટો,કુલમુખત્યારો વિગેરે ખોટી રીતે અને ગેરકાયદેસરરીતે વાદીઓ પાસેથી જમીનનો કબજો લે લેવડાવે નહી તેમજ દાવાવાળી જમીન અન્ય કોઈને વેચાણ,ગીરો, બક્ષીસ ,ટ્રાન્સફર કરે કરાવે નહી તેમજ બોજો ચાર્જ કરે કરાવે નહી તેમજ દાવાવાળી જમીનમાં વાદીઓને ખેતીકામ કરે કરાવે તેમાં હરકત,અટકાયત, કે ડખલગીરી કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ નં.૫ થી ૯ વિરૂધ્ધ કામચલાઉ મનાઈહુકમ ફરમાવવા અરજ ગુજારેલી છે.

૩. પ્રતિવાદીઓને વાદીના દાવા તથા મનાઈઅરજીના પ્રોસેસોની બજવણી થયેલી છે અને પ્રતિવાદી નં.૧થી ૪નાઓ આંક–૧૭થી લેખીત જવાબ રજુ કરેલ છે તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓ તેમના વ.શ્રી મારફતે ના.કોર્ટ હાજર થયેલ છે અને હાજર થઈ જવાબ રજુ કરવાની મુદતની અરજીઓ આપેલી છે જે કોર્ટે મંજુર કરેલી છે તેમ છતાં જવાબ રજુ ન કરતાં આંક–૨૬ની જવાબ રજુ કરવાની મુદતની અરજી આપેલી છે

જે ના.કોર્ટે તા.૨૬/૮/૧૧નારોજ નામંજુર કરી જવાબનો હકક બંધ કરતો હુકમ કરેલો છે.

**પ્રતિવાદી નં.૧ થી ૪ નો લેખીત જવાબઃ–**

પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ વાદીની મનાઈઅરજીના પેરા–૧ની હકીકતો અંગે કોઈ તકરાર ન હોવાનું જણાવેલ છે તથા તેઓ પ્રતિવાદીઓ અને વ ાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની જમીન આવેલાની તથા ખેતી કરી ઉપજ નીપજ લેતા હોવા અંગે તકરાર નથી. તથા દાવાવાળી જમીન તેઓના પુર્વજ દમાભાઈ ગીરધરભાઈ કો.પટેલે દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૫ થી ૯ ના પુર્વજ સ્વ.સુરસંગજી પ્રતાપજી ઠાકોરનાઓને અવેજ લઈ તા.૨૯/૪/૧૯૭૭નારોજ સબ રજીસ્ટ્રાર ઓફીસ અમદાવાદ મુકામે અ.નં.૧૧૦ થી કરી આપેલાની જે દસ્તાવેજ ખોટો અને ગેરકાયદેસરનો બીન અવેજી કાયદાની જોગવાઈઓ વીશ્ધ્ધનો હોવાની અને કબજા વગરનો કોઈપણ જાતના હકક અધીકાર વગરનો હોઈ રદ થવાને પાત્ર હોવા અંગે તકરાર નથી પ્રતિવાદીઓ નં.૫ થી ૯નાને કોઈપણ જાતનો માલીકી હકક કે કોઈપણ જાતનું ટાઈટલ પ્રાપ્ત થતુ હોવાની હકીકત અંગે તકરાર નથી.તથા દાવાવાળી જમીન વાદીઓ ખેડી વાવી ઉપજ નીપજ લેતા હોવા અંગે તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના કદાપી આવેલ ન હોવાની અને ગેરકાયદેસરના દસ્તાવેજના કારણે આજદીન સુધી કબજો લીધેલ ન હોવાની હકીકત અંગે તકરાર નથી.તથા પ્ર તિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ દાવાવાળી જમીન ટ્રાન્સફર કરી નાખવાની ધમકી આપેલાની હકીકત અંગે તકરાર નથી અને જેથી વાદીને દાવો કરવો પડેલ હોવા અંગે તકરાર નથી. વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવા અંગે તથા બેલેન્સ ઓફ કન્વીનીયન વાદીની તરફેણમાં હોવા અંગે તકરાર નથી તથા દાવાનું કારણ ઉપસ્થિત થયા અંગે તકરાર નથી. વાદીએ માંગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી.

પક્ષકારોએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો.

૪. વાદીએ તર્ફે આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

૫. પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ આંક–૪૦ના લીસ્ટથી નિ.૪૦/૧ થી ૪૦/૭

**સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

**૬. ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતાં સદર અરજીનાં નિર્ણય સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**<u>મુદદા.</u>**

**૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?**

**૨. શું વાદી પુરવાર કરે છે કે, સગવડ–અગવડ સમતુલા તેઓની તરફેણમાં છે ?**

**૩. શું વાદી પુરવાર કરે છે કે, તેઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?**

**૪. શું છેવટનો હુકમ ?**

**૬. ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ દર્શાવેલ છે.**

**<u>નિર્ણયો.</u>**

**૧. નકારમાં.**

**૨. નકારમાં.**

**૩. નકારમાં.**

**૪. છેવટનાં હુકમ મુજબ.**

**<u>–: કારણો :–</u>**

**વાદીઓ તરફે આંક–૩૧થી લેખીત દલીલો રજુ કરી જણાવેલ છે કે,વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૪ એકજ કુટુંબના પરીવારના છે.વાદી નં.૧ થી ૫ ના પુર્વજ વજાભાઈ ગીરધરભાઈ કો.પ. તથા વાદી નં.૬ થી ૧૦ના પુર્વજ અંબારામભાઈ ગીરધરભાઈ કો.પ. તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ના પુર્વજ દમાભાઈ ગીરધરભાઈ કો.પ. સગાભાઈઓ થતા હતા જે તમામ ગુજરી ગયા છે અને આ ત્રણેય ભાઈઓની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન દાવાવાળી જમીનો આવેલી હતી અને રેકર્ડ ઓફ રાઈટમાં ત્રણેય ભાઈઓના સંયુકત નામે ખાતે માલીક તથા કબજેદાર તરીકે ચાલતી હતી અને તે રીતેનુ તેમનું પાણીપત્રક થતુ હતુ અને સદરહુ ત્રણેય ભાઈઓને દાવાવાળી જમીનો તેમના પીતાશ્રી ગીરધરભાઈ કો.પ.નાઓના કાયદેસરના**

વારસદારો તરીકે વારસાઈ હકકથી મળેલી આમ દાવાવાળી જમીનો ત્રણેય ભાઈઓની વડીલોપાર્જીત મીલ્કત હતી અને સદર દાવાવાળી જમીન અંગે કોઈપણ એક વ્યકિતને કોઈપણ જાતનો સ્વતંત્રરીતે વહેવાર કે વેચાણ કરવાનો કોઈ હકક કે અધીકાર ન હોવા છતાં પ્રતિવાદીઓ નં.૧ થી ૪ ના પુર્વજ દમાભાઈ ગીરધરભાઈ કો.પટેલે અન્ય વાદીઓના પુર્વજની કોઈપણ જાતની સંમતી કે રજા સીવાય ખોટી અને ગે.કા.રીતે દાવાવાળી જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.પ થી ૯ નાઓના પુર્વજ સ્વ.સુરસંગજી પ્રતાપજી ઠાકોરનાઓને અવેજ સ્વીકારી તા.૨૯/૪/૧૯૭૭નારોજ સબ.રજી.ઓફીસ અમદાવાદ મુકામે અ.નં.૧૧૦થી કરી આપેલ જે દસ્તાવેજ ખોટો,ગેરકાયદેસરનો,બીનઅવેજી કાયદાની જોગવાઈઓ વીરૂધ્ધનો અને કબજા વગરનો તેમજ કોઈપણ જાતના હકક કે અધીકાર વગરનો હોઈ રદ બાતલ થવાને પાત્ર છે અને તે આધારે કોઈપણ જાતનો માલીકી હકક કે કોઈપણ જાતનું ટાઈટલ પ્રાપ્ત થતુ નથી જેથી વાદીઓએ હાલનો દાવો કરેલો છે.દાવાવાળી જમીનો આજે પણ વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલી છે અને ખેતી કરી ઉપજ નીપજ લે છે.વાદીઓએ તાજેતરમાં દાવાવાળી જમીનોની રેકર્ડની નકલો કઢાવતા તેમને રજી.વેચાણ દસ્તાવેજ થયાની વીગતો જાણવા મળતા પ્રતિવાદીઓ નં.પ થી ૯ નાનો સંપર્ક કરેલો તો પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલા અને અન્યને આ જમીન વેચાણ ટ્રાન્સફર કરી નાખવાના છીએ અને કબજો પડાવી લેવાના છીએ તેવી ધમકી આપેલી અને રેકર્ડમાં પ્રતિવાદીઓ નં.પ થી ૯નું નામ ચાલતુ હોવાથી તેઓ ગે.કા.રીતે દાવાવાળી જમીન અન્યને કોઈપણ રીતે ટ્રાન્સફર કરી નાખે અગર બોજો ઉત્પન્ન કરે તો વાદીઓના હકકોને નુકશાન થાય જેનો બદલો નાણાથી વળી શકે તેમ નથી .પ્રતિવાદીઓ નં.પ થી ૯ હાજર થયેલા જવાબ રજુ કરેલ નથી વાદીઓનો પ્ર ાયમાફેસી કેસ છે બેલેન્સ ઓફ કન્વનીયન્સ વાદીઓની તરફેણમાં છે જો વાદીઓને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ છે જયારે પ્રતિવાદીઓ નં.પ થી ૯નાને કોઈ નુકશાન થાય તેમ નથી કારણ કે તેમનું કોઈ લોકલ સ્ટેન્ડીંગ નથી અને જો વાદીઓના કાયદેસરના કબજા ભોગવટાને રક્ષણ આપવામાં ન આવે તો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ છે જેથી હાલનો દાવો મનાઈઅરજી કરેલા છે જેથી માંગ્યા મુજબની

દાદ મંજુર કરવા અરજ ગુજારેલી છે.

વીશેષમાં વાદીઓ તરફે વિ.વ.શ્રીએ મૌખીક દલીલોમાં જણાવેલ છે કે,આંક–૧૭થી પ્રીતવાદીઓ નં.૧ થી ૪નો જવાબ છે. તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯નો જવાબનો હકક બંધ કરેલો છે. આંક–૩૧થી લેખીત દલીલો રજુ કરેલી છે.આંક–૩૦થી પ્રતિવાદી નં.૧ થી ૪ તરફે પુરસીસ આપી તેમનો લેખીત જવાબ એ જ તેમની દલીલ હોવાનું જાહેર કરેલ છે.સબબ વાદીએ માંગેલ દાદ મંજુર કરવા વિનંતી કરેલી છે.

પ્રતિવાદીઓ નં.૫ થી ૯ તરફે વિ.વ.શ્રી પટેલની મૌખીક દલીલો એવી છે કે દાવાવાળી મીલ્કત રેવન્યુ રેકર્ડમાં તેમના નામે અનેખાતે ચાલે છે દાવાવાળી મીલ્કતો તેમના પુર્વજ સુરસંગજી પ્રતાપજી ઠાકોરનાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે દાવાવાળી મીલ્કતોનું મહેસુલ તેઓ ભરે છે તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં દાવાવાળી મીલ્કતો તેમની માલીકી કબજા ભોગવટાની આવેલી છે અને તેઓ ખેતી કરી ઉપજ નીપજ લે છે.જેથી વાદીઓની મનાઈઅરજી ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલી છે.

<u>**મુદ્દા નં. ૧ થી ૩:–**</u> આ ત્રણેય મુદદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા સારૂ એક સાથે ચર્ચા કરવામાં આવે છે. વાદીઓનું પક્ષનિવેદન,વાદીઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા,વાદીના વિ.વ.શ્રીની લેખીત તથા મૌખીક દલીલો, તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓનો લેખીત જવાબ, દલીલો ,તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા વિ.વ.શ્રી પટેલની મોખીક દલીલો વિ.લક્ષમાં લીધી. વાદીની મુખ્ય હકીકત એવી છે કે, દાવાવાળી મીલ્કતો વાદી નં.૧ થી ૫ ના પુર્વજ વજાભાઈ ગીરધરભાઈ કો.પ. તથા વાદી નં.૬ થી ૧૦ના પુર્વજ અંબારામભાઈ ગીરધરભાઈ કો.પ. તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ના પુર્વજ દમાભાઈ ગીરધરભાઈ કો.પ. સગાભાઈઓ થતા હતા જે તમામ ગુજરી ગયા છે અને આ ત્રણેય ભાઈઓની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન દાવાવાળી જમીનો આવેલી હતી અને રેકર્ડ ઓફ રાઈટમાં ત્રણેય ભાઈઓના સંયુકત નામે ખાતે માલીક તથા કબજેદાર તરીકે ચાલતી હતી અને તે રીતેનુ તેમનું પાણીપત્રક થતુ હતુ. અને સદરહુ ત્રણેય ભાઈઓને દાવાવાળી જમીનો તેમના પીતાશ્રી

ગીરધરભાઈ કો.પ.નાઓના કાયદેસરના
વારસદારો તરીકે વારસાઈ હકકથી મળેલી આમ દાવાવાળી જમીનો ત્રણેય ભાઈઓની વડીલોપાર્જીત મીલ્કત હતી અને સદર દાવાવાળી જમીન અંગે કોઈપણ એક વ્યકિતને કોઈપણ જાતનો સ્વતંત્રરીતે વહેવાર કે વેચાણ કરવાનો કોઈ હકક કે અધીકાર ન હોવા છતાં પ્રતિવાદીઓ નં.૧ થી ૪ ના પુર્વજ દમાભાઈ ગીરધરભાઈ કો.પટેલે અન્ય વાદીઓના પુર્વજની કોઈપણ જાતની સંમતી કે રજા સીવાય ખોટી અને ગે.કા.રીતે દાવાવાળી જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૫ થી ૯ નાઓના પુર્વજ સ્વ.સુરસંગજી પ્રતાપજી ઠાકોરનાઓને અવેજ સ્વીકારી તા.૨૯/૪/૧૯૭૭નારોજ સબ.રજી.ઓફીસ અમદાવાદ મુકામે અ.નં.૧૧૦થી કરી આપેલ જે દસ્તાવેજ ખોટો,ગેરકાયદેસરનો,બીનઅવેજી કાયદાની જોગવાઈઓ વીરૂઘ્ધનો અને કબજા વગરનો તેમજ કોઈપણ જાતના હકક કે અધીકાર વગરનો હોઈ રદ બાતલ થવાને પાત્ર છે.

હવે વાદીઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી નિ.૩/૨ થી દાવાવાળા સ.નં./બ્લોક નં.૨૨૯ની ગામનો નમૂનો નં.૭ની નકલ રજુ કરેલી છે જે સને ૧૯૬૫ થી ૧૯૭૪ના વર્ષની છે જેમાં કબજેદાર તરીકે દમાભાઈ ગીરધરભાઈ વીગેરેનું નામ છે તથા ખેડુતના નામમાં પણ તેમનું નામ છે.તથા નિ.૩/૩ થી દાવાવાળા સ.નં./બ્લોક નં.૨૩૮ની ગામનો નમૂનો નં.૭ની નકલ રજુ કરેલી છે જે સને ૧૯૬૫ થી ૧૯૭૬ના વર્ષની છે જેમાં કબજેદાર તરીકે દમાભાઈ ગીરધરભાઈ વીગેરેનું નામ છે તથા ખેડુતના નામમાં પણ તેમનું નામ છે. તથા નિ.૩/૫ થી સર્વે/બ્લોક નં.૨૩૮/૪ના ૭×૧ ૨ના ઉતારાની નકલ તથા નિ.૩/૬ થી સર્વે/બ્લોક નં.૨૨૯/૪ના ૭×૧૨ના ઉતારાની નકલો રજુ કરેલી છે જે જેમાં કબજેદાર તરીકે પ્રતિવાદીઓ નં.૫ થી ૯ ના નામ ચાલતા હોવાનું તથા ખેડુતના નામમાં સુરસંગજી પ્રતાપજી ઠાકોર યાને કે પ્રતિવાદી નં.૫ થી ૯ ના વડીલનું નામ ચાલતુ હોવાનુંસને ૨૦0૧ થી ૨૦૦૩ના વર્ષમાં હોવાનું જણાય છે. તથા નિ.૩/૭ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરેલી છે જે તા.૨૯/૪/૧૯૭૭નારોજનો છે જેમા લખીલેનાર તરીકે ઠાકોર સુરસંગજી પ્રતાપ જી (પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના વડીલ)નું નામ છે તથા લખી આપનાર તરીકે પટેલ દમાભાઈ ગીરધરભાઈ (પ્રતિવાદીઓ નં.૧ થી ૪ના વડીલ)નું નામ છે અને સદરહુ

દસ્તાવેજ દાવાવાળી મીલ્કતોનો છે જે દસ્તાવેજમાં પ્રતિવાદીઓ નં.૧ થી ૪ના વડીલ દમાભાઈ ગીરધરભાઈની તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના વડીલ સુરસંગજી બેચરજીની તથા વાદીઓ નં.૬ થી૧૦ના વડીલ અંબારામ ગીરધરભાઈ તથા વાદીઓ નં.૧ થી ૫ ના વડીલ વજાભાઈ ગીરધરભાઈની સહીઓ છે આમ સદર દસ્તાવેજમાંની સહીઓ લક્ષમા લેતાં વાદીઓની હકીકત કે વાદીઓના પુર્વજની કોઈપણ જાતની સંમતી કે રજા સીવાય ખોટી અને ગે.કા.રીતે દાવાવાળી જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૫ થી ૯નાઓના પુર્વજ સ્વ.સુરસંગજી પ્રતાપજી ઠાકોરનાઓને અવેજ સ્વીકારી તા.૨૯/૪/૧૯૭૭નારોજ સબ.રજી.ઓફીસ અમદાવાદ મુકામે અ.નં.૧૧૦થી કરી આપેલ છે તે હકીકત પ્રથમદર્શનીય રીતે માનવા લાયક રહેતી નથી કેમકે તમામ વાદીઓના વડીલોની સદર દસ્તાવેજમાં સહીઓ છે .વધુમાં પ્ર તિવાદીઓ નં.૫ થી ૯નાઓએ રજુ કરેલ ની.૪૦/૧,૪૦/૨નો ગામ નમુનો નં.૭નો ઉતારો જોતા દાવાવાળી મીલ્કતો માં કબજેદારના કોલમમાં તેમના નામો ચાલતા હોવાનું જણાય છે તથા નિ.૪૦/૩થી રજુ કરેલ ગામન નમુનો નં.૮–અની નકલમાં પણ કબજેદાર તરીકે પ્રતિવાદીઓ નં.૫ થી ૯ ના નામો ચાલતા હોવાનું જણાય છે તથા નિ.૪૦/૫ થી રજુ કરેલ વેરા ભર્યાની પહોચો કે જે ખાતા નં.૧૭૯ યાને કે દાવાવાળી મીલ્કતો અંગેની છે જેમાં ખાતેદારના કોલમમાં રઈબેન સુરસંગજી વિગેરેનું નામ જણાવેલ છે અને તેમણે વેરો ભર્યાનું પ્રથમદર્શનીય જણાય છે તથા નિ.૪૦/૬થી રજુ કરેલ સરકારને કુકવણી કર્યા અંગેની પહોંચ કે જેમાં પણ રઈબેન સુરસંગજીની વિધવાનું નામ છે. તથા નિ.૪૦/૭ થી નાયબ કાર્યપાલક ઈજનેર બાવળા સીંચાઈ પેટા વીભાગનો દાખલો જોતાં દાવાવાળા સ.નંબરવાળી જમીનો રઈબેન સુરસંગજી પ્ર તાપજીની વીધવાએ ફતેવાડી નહેરના પાણીની થતી પીયતનું સને ૨૦૧૦–૧૧ ના ખરીફ સીઝન સુધીનું કોઈ સીંચાઈ લેણું બાકી નથી તે મતલબનો દાખલાની નકલ રજુ કરેલી છે.

આમ ઉપરોકત તમામ હકીકતો જોતાં દાવાવાળી મીલ્કતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં વાદીઓ તથા પ્રતિવાદીઓ નં.૧ થી ૪ નાઓની સહીઓ છે સદરહુ રજીસ્ટર્ડ વેચાણ દ સ્તાવેજ સને ૧૯૭૭ની સાલનો છે અને સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના વડીલે દાવાવાળી મીલ્કતનો વેચાણ

અવેજની રકમ ચુકવી ખરીદ કરેલી છે તથા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓ સુરસંગજી પ્રતાપજી ઠાકોરના સીધીલીટીના વારસદારો હોવા અંગેની હકકપત્રકે ફેરફાર નોંધ નં. ૨૦૧૩ પડેલી છે જે નિ.૪૦/૪થી રજુ છે.વધુમાં દાવાવાળી મીલ્કતોનો વેરો પણ પ્ર તિવાદીઓ નં.૫ થી ૯ ના ભરતા હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવે છે.વાદીઓના નામો દાવાવાળી મીલ્કતોના રેવન્યુ રેકર્ડમાં કોઈપણ રીતે દાખલ થયેલા નથી તેવા સંજોગોમાં વાદીઓને દાવાવાળી મીલ્કતો પરત્વે કોઈપણ જાતનો લાગભાગ હકક હીસ્સો હીત સબંધ હોવાનું દસ્તાવેજી પુરાવાથી પ્રથમદર્શનીય જણાઈ આવતુ ન હોય મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

હવે સગવડતા અગવડતાની સમતુલા અને ઈરીરીપેબલ લોશ ઓફ ઈન્જરીનો મુદદો જોઈશું તો મુદા નં.૧માં ચર્ચા કરી તે પ્રમાણે દાવાવાળી મીલ્કતો પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના વડીલે રજીસ્ટડ વેચાણ દસ્તાવેજથી સને ૧૯૭૭ની સાલમાં અવેજ ચુકવી ખરીદેલી છે અને સદર દસ્તાવેજમાં વાદીઓના વડીલો તથા પ્રતિવાદીઓ નં.૧ થી ૪ના વડીલની સહીઓ છે જે સંજોગોમાં વાદીઓની હકીકત કે પ્રતિવાદી નં.૧ થી ૪ ના વડીલે તેઓના વડીલોની રજા સંમતી વગર ગેરકાયદેસરરીતે દાવાવાળી મીલ્કતોનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલો તેવી હકીકત પ્રથમદર્શનીય રીતે માનવા લાયક રહેતી નથી .દાવાવાળી મીલ્કતોના રેવન્યુ રેકર્ડમા પ્રતિવાદીઓ નં.૫ થી ૯ ના નામો દાખલ થયેલા છે. દાવાવાળી મીલકતોનો વેરો પણ પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓ ભરે છે તથા દાવાવાળી મીલ્કતોમાં જે ફતેવાડી નહેરમાંથી પાણી લીધેલ છે તે પણ પ્ર તિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ લીધેલાનું નિ.૪૦/૭ના દાખલાથી જણાઈ આવે છે. આમ દાવાવાળી મીલ્કતોમાં વાદીઓ ખેતી કરી ઉપજ નીપજ લેતાં હોવાનું પ્ર થમદર્શનીય જણાઈ આવતુ નથી .વધુમાં વાદીઓએ સને ૧૯૭૭ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજને સને ૨૦૧૦ની સાલમાં યાને કે લગભગ ૩૩ વર્ષના ખુબજ લાંબા ગાળાબાદ ચેલેન્જ કરેલ છે.હવે વાદીઓનું પક્ષનિવેદન એવુ છે કે તેઓ દાવાવાળી જમીનો ખેડીવાવી ઉપજ નીપજ લે છે પરંતુ આ સબંધે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી જયારે પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓએ રજુ કરેલ વેરો ભર્યાની પહોચો અને ફતેવાડી કેનાલમાંથી પાણી લીધેલ જે બદલ આપેલ દાખલાની નકલ લક્ષમા લેતાં પ્રતિવાદીઓ નં.૫ થી ૯ નાઓ દાવાવાળી જમીનો ખેડી વાવી ઉપજ નીપજ લેતા

હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવે છે.આમ દાવાવાળી મીલ્કતો પરત્વે વાદીઓને કોઈ લાગભાગ હકક હીસ્સો હીત સબંધ ન હોય સગવડતા અગવડતાની સમતુલા તથા ઈરીરીપેબલ લોશ ઓફ ઈન્જરીનો મુદદો પણ વાદીઓની તરફેણમાં હોવાનું પ્ર થમદર્શનીય જણાઈ આવતુ ન હોય મુદદા નં.૨નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આમ ઉપરોકત ચર્ચાન્તે દાવાવાળી મીલકતો પ્રતિવાદીઓ નં.૫ થી ૯ના વડીલ ે સને ૧૯૭૭ની સાલમાં અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી છે તથા વેરો પણ તેઓ ભરે છે દાવાવાળી મીલ્કતોના રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામો કયારેય કોઈપણ રીતેદાખલ થયેલા નથી ,વાદીઓ દાવાવાળી મીલકતોમાં ખેડી વાવી ઉપજ નીપજ લેતા હોવાનું દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકતા નથી .દાવાવાળી મીલ્કતો પરત્વે વાદીઓને કોઈપણ જાતો લાગભા ગ હકક હીસ્સો હોવાનું પ્ર થમદર્શનીય જણાઈ આવતુ નથી રેકર્ડ ઓફ રાઈટમાં પ્રતિવાદીઓ નં.૫ થી ૯ ના નામો ચાલે છે જે સંજોગોમાં વાદીઓ કોઈપણ જાતનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા કાયદેસરરીતે હકકદાર અને પાત્ર બનતા ન હોય મુદદા નં.૩ નો જવાબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

//હુ.ક.મ.//

વાદીઓની આંક-૫ની કામચલાઉ મનાઈહુકમની અરજી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

આ અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૨૯,મી,માહે-સપ્ટેમ્બર ,સને૨૦૧૪.નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૯/૨૦૧૪

ʿસ્થળ-સાણંદ.

(ચિરાગકુમાર રમેશચંદ્ર પટેલ.)

સેકન્ડ એડીશનલ સીવીલ જજ સાણંદ

U.I.Code.GJ.O1136

એન.આર.ક્ષત્રિય.સ્ટેનો.